આંક : ૫

રજુ તારીખ : **૧૮–૦૮–૨૦૨૧**
ફેસલ તારીખ : **૦૭–૦૮–૨૦૨૩**
સમય ગાળો :વર્ષ માસ દિવસ
**૧ ૧૧ ૨૦**

**ગોંડલના મહે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ (એમ.જે.બ્રહમભટ્ટ)સાહેબ શ્રીની કોર્ટમાં.મુકામઃ ગોંડલ.**

**રેગ્યુલર દિવાની દાવા નં.૧૬૫/૨૦૨૧**

**૧. ધીરજલાલ બચુભાઇ સોરઠીયા**
ઉ.વ.પુખ્ત,ધંધો.ખેતી,ધર્મે,હિન્દુ,

**૨ ભરતભાઇ બચુભાઇ સોરઠીયા**
ઉ.વ.પુખ્ત,ધંધો.ખેતી,ધર્મે,હિન્દુ,
રહે.બન્નેઃ–કોટડાસાંગાણી,જીલ્લો.રાજકોટ. **.......વાદીઓ**

**વિરૂઘ્ઘ**

**૧. બાબુભાઇ લવજીભાઇ સોરઠીયા**
ઉ.વ.પુખ્ત,ધંધો.ખેતી,ધર્મે,હિન્દુ,
રહે.કોટડાસાંગાણી,જીલ્લો.રાજકોટ.

**૨. મામલતદાર સાહેબશ્રી,**
મામલતદાર કચેરી,કોટડાસાંગાણી.

**૩. નાયબ નિયામક સાહેબશ્રી,**
નાયબ નિયામક જમીન દફતરની કચેરી,
બીજો માળ,સર્વે ભવન,રૂડા બિલ્ડીંગની બાજુમાં
જામનગર રોડ,રાજકોટ.
**પ્રતિવાદી નં.(૨) અને (૩) વતી થ્રુ એ.જી.પી.**
કોર્ટ કમ્પાઉન્ડ.ગોંડલ. **.......પ્રતિવાદીઓ**

**બાબતઃ વિજ્ઞાપન તથા કાયમી મનાઇ હુકમ મળવા અંગે...**

---

**વાદી તરફેઃ– વિધ્વાન વકીલશ્રી આર.એસ.પટેલ**
**પ્રતિવાદી નં.(૧) તરફેઃ– વિધ્વાન વકીલશ્રી પી.એ.રામાણી**
**પ્રતિવાદી નં.(૨)(૩) તરફેઃ વિ.એ.જી.પી.શ્રી જે.ડી.ચાવડા**

---

**બાબતઃ– વાદીની આંક–૫ ની સી.પી.સી.ઓર્ડર–૩૯,રૂલ ૧,૨ તથા કલમ–૧૫૧ હેઠળ વચગાળાનો મનાઇ હુકમ મળવા અંગે.**

(૧) વાદીએ હાલનો આ દાવો વિજ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમનો દાવો દાખલ કરેલ છે અને તે લગત હાલની આ આંક–૫ ની કામચલાઉ મનાઇ હુકમની અરજી આપેલ જેની ટુંકમાં હકીકત એવી છે કે,પ્રતિવાદી નં.(૧) ના પિતાશ્રી લવજીભાઇ માધાભાઈએ રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણઈ તાલુકાના રાજગઢ મુકામે આવેલ ખેતીની જમીન જેના સર્વે નં.૧૭૨,એકર ૯–૦૦ ગુંઠા ખેતીની જમીન

કોટડાસાંગાણી સબ રજીસ્ટર કચેરીના રજી.દ.નં.૯ તારીખ ૨૧.૧.૧૯૫૪ થી પરબતભાઇ માધાભાઇ પાસેથી ખરીદ કરેલ હતી.જે નોંધ હકકપત્રકમાં ગામ નમુના નંબર-૬ હકકપત્રક નોંધ નંબર ૧૦૩૫ તા.૫.૩.૧૯૯૭ થી પ્રમાણીત કરવામાં આવેલ છે.વાદીઓના પિતાશ્રીએ સદરહું જમીન તેમની હયાતીમાં વાદીઓના નામે કરી આપેલ છે જેમાં વાદી નં.(૧) ના નામે રાજગઢ ના રે.સર્વે નં.૩૪/૮ પૈકી ૨- પૈકી ૨ ની ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૧-૮૨-૪૩ ના માપ મુજબની આવેલ છે.જયારે આ કામના વાદી નં. (૨) ના નામે રાજગઢ ના રે.સર્વે નં.૩૪/૮ પૈકી-૨ પૈકી-૧ ની ખેતીની જમીન હેકટર-આરે-ચો.મી. ૧-૮૨-૧૧ ના માપ મુજબની આવેલ છે.જે નોંધ હકક પત્રક ગામ નમુના નં.૬ નોંધ નંબર ૧૨૨૮ તા.૧૫.૭.૨૦૦૮ થી પ્રમાણીત કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી નં.(૩) દ્વારા નવી માપણી કરવામાં આવેલ જેમાં વાદી નં.(૧) નું ક્ષેત્રફળ હેકટર-આરે-ચો.મી. ૦-૫૧-૬૮ ઓછુ દર્શાવેલ છે જયારે વાદી નં.(૨) નું ક્ષેત્રફળ હેકટર-આરે-ચો.મી. ૦-૪૦-૪૫ (આશરે ૧ એકર) ઓછું દર્શાવેલ છે.જયારે આ કામના પ્રતિવાદી નં.(૧) ની જમીનમાં તેઓની માલીકીની જમીન ન હોવા છતાં પ્રતિવાદી નં.(૧) ના નામે ચડાવી આપવા હુકમ કરેલ છે.આમ વાદીઓને માંગ્યા મુજબનો મનાઇહુકમ આપવામાં ન આવે તો પ્રતિવાદી નં.(૧) ના બીજા અનેક લીટીગેશનો ઉભા કરશે.સબબ દાદ માંગવાની કેઃ-(એ). સદરહું આ કામમાં પ્રતિવાદી નં.(૩) અમો વાદીઓની જમીન પણ ડી.એલ.આર.

દ્વારા ફરી વાર માપણી કરી અમો વાદીઓના પિતાશ્રીએ રજી.વેચાણ દસ્તાવેજથી ખેતીની જે જમીન ખરીદ કરેલ છે અને તે જમીનનો ઉપયોગ અમો વાદીઓના પિતાશ્રી અને વાદીઓ આશરે ૪૨ વર્ષ ઉપરાંતના સમયથી એકર ૯–૦૦ ગુંઠા ખેતીની જમીન અમો વાદીઓની માલીકીની હોય અને તેના ઉપર ખેતી કામ કરતા હોય આ ખેતીની જમીન અમો વાદીઓની માલીકીની ઠરાવી આપવા તેમજ અમો વાદીઓને અમારી ખેતીની જમીનમાં આવવા જતાં અટકાયત કરે નહી,કરાવે નહિ,ધમકી આપે નહી અપાવે નહી તેવો હુકમ ફરમાવવા નમ્ર અરજ છે. (બી). આ કામના પ્રતિવાદી નં.(૧) ના અમો વાદીઓ પાસે હાલ જે કબજો–ભોગવટો છે તે આ દાવાનું આખરી પરીણામ આવે નહી ત્યાં સુધી છોડાવે નહી કે અન્ય કોઈ દ્વારા છોડાવવાનો પ્રયત્ન કરે નહી તેવો મનાઈહુકમ અપાવા નમ્ર અરજ છે. (સી). આ અરજીને અનુરૂપ અપાવી શકાતી હરકોઈ સમન્યાય દાદ અપાવવા નમ્ર અરજ છે.(ડી). આ અરજીનું સ્પેશ્યલ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા નમ્ર અરજ છે. તેમજ દાવા અરજીના સમર્થનમાં આંક–૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટ માર્ક ૩/૧ થી ૩/૮ ના દસ્તાવેજી આધારો રજુ કરેલ છે.

(૨) હાલનું કામ દાખલ થયા બાદ આ કામના પ્રતિવાદીઓને નોટીસ કાઢવામાં આવેલ છે જે પ્રતિવાદીઓને બજી ગયેલ છે અને પ્રતિવાદી નં.(૨) તરફે વિધ્વાન એ.જી.પી.શ્રી જે.ડી.ચાવડાએ આંક–૧૪ થી જવાબ વાંધા રજુ કરેલ છે.જેમાં જણાવેલ છે કે, વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ

નથી,બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી અને તેમજ વચગાળાનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને કોઈ લીગલ ઈન્જરી નથી.જયારે વાદીએ માંગ્યા મુજબનો કાયમી મનાઈ હુકમ આપવામાં આવે તો તેના કારણે પ્રતિવાદીઓને વહીવટી રીતે તેમજ જાહેર હીતમાં ખુબ જ ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે. જયારે વાદીને નાણામાં ન મુલવી શકાય તેવુ કોઈ નુકશાન નથી. જેથી વાદીની હાલની અરજી ખર્ચ સહિત રદ કરવાની રજુઆત કરવામાં આવેલ છે.

(૩) જયારે આ કામના પ્રતિવાદી નં.(૧) તરફે વિદ્વાન વકીલશ્રી પી.એ. રામાણી એ આંક-૧૭ થી જવાબ વાંધા રજુ કરેલ છે.જેમાં જણાવેલ છે કે, વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી કે વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો કોઈ નુકશાન થાય તેમ નથી.પરંતુ વાદીને દરમ્યાન મનાઈ હુકમ આપવામાં આવે તો અમો પ્રતિવાદી નં.(૧) ને અન્યાય થાય તેમ છે તેમજ ઈરીપેરેબલ લોસ પણ અમોને થાય તેમ છે જેથી વાદીની દરમ્યાન મનાઈ હુકમની અરજી ખર્ચ સમેત રદ કરવા નમ્ર વિનંતી છે. પ્રતિવાદી નં.(૧) નાએ આ કાઉન્ટર કલેઈમ કરી નમ્ર અરજ કરેલ છે કે, નવી માપણી મુજબની ચતુઃદિશા વાળી પ્રતિવાદી નં.(૧) ની માલીકીની હે.૩-૭૬-૬૮ ચો.મી. થાય છે પરંતુ વાદીના દબાણના કારણે પ્રતિવાદી નં.(૧) પાસે કબજો માત્ર હે. ૨-૩૧-૧૧ ચો.મી. નો આવેલ છે જેથી વાદીએ કરેલ દબાણ હે.૧-૪૫-૫૭ ચો.મી.નું કરેલ દબાણ દુર કરી આપે તથા પ્રતિવાદી નં.(૧) ની માલીકીની મિલકતમાં પ્રવેશ કરવા વાદી હકકદાર

નથી તેવુ ઠરાવી આપવા ન્યાયના હિતમાં હુકમ ફરમાવી આપવા નમ્ર અરજ છે.જેથી વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર ન હોય વાદીની વચગાળાની મનાઈ હુકમની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૪) આમ, ઉપરોકત વિગતો જોતા સદરહુ અરજીના નિર્ણયાર્થે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

**:: મુદૃાઓ ::**

(૧) શું વાદી સાબીત કરે છે કે, તેનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદી સાબીત કરે છે કે, સગવડ–અગવડની સમતુલાનું પલ્લું તેની તરફેણમાં છે ?

(૩) શું વાદી સાબીત કરે છે કે, જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેને નાણામાં આંકી ન શકાય તેવું નુકસાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો તથા કારણો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારમાં,
(૨) નકારમાં,
(૩) નકારમાં,
(૪) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદૃા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા:–**

(૬) સદર કામે ત્રણેય મુદ્દાઓ હકીકતો અને કાયદાથી એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવાના હેતુસર સદર ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકસાથે જ કરવામાં આવેલ છે.

(૭) આ કામે વાદી તર્ફે આંક– ૩૫ ની લેખીત દલીલમાં થયેલ રજુઆત મુજબ વાદીઓ કોટડાસાંગાણીના રહીશ છે અને ખેતી કામ કરે છે.આ કામના પ્રતિવાદી નં.(૧) લવજીભાઇ માધાભાઇએ રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણી તાલુકાના રાજગઢ મુકામે આવેલ ખેતીની જમીન જેના રેવન્યુ સર્વે નં.૧૭૨ એ.૯–૦૦ ગુંઠા ખેતીની જમીન કોટડા સાંગાણીના સબ રજીસ્ટ્રાર કચેરીના રજી.દસ્તાવેજ નં.૯ તા.૨૧.૧. ૧૯૫૪ થી પરબતભાઇ માધાભાઇ પાસેથી ખરીદેલ હતી એટલે કે,ભાઇ પાસેથી ખરીદ કરેલ હતી.સદરહું ખેતીની જમીન માપણી થતા ખેતીની જમીનનો સર્વે નં.૩૪/૮ થયેલ છે અને તેનું કુલ ક્ષેત્રફળ એ.૧૬.૧૭ ગુંઠા થયેલ અને સદરહું જમીન લવજીભાઇ માધાભાઇના નામે દાખલ કરવામાં આવેલ.સદરહું જમીનમાંથી એકર ૯ ગુંઠા ૦૦ ખેતીની જમીન પુર્વ બાજુએથી આ કામના પ્રતિવાદી નં.(૧) ના ગુજરનાર પિતાશ્રી લવજીભાઇ માધાભાઇએ અમો વાદીઓના પિતાશ્રી બચુભાઇ ઠાકરશી ભાઇ સોરઠીયાને કોટડાસાંગાણીના સબ રજીસ્ટ્રાર કચેરીના રજી. દસ્તાવેજ નં.૨૭, તા.૭.૫.૧૯૭૯ થી વેચાણ આપેલ છે જે જમીન શ્રી લવજીભાઇ માધાભાઇએ પરબતભાઇ માધાભાઇ પાસેથી ખરીદ કરેલ હતી. જે નોંધ ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૧૦૩૫, તા.૫.૩.૯૭

થી પ્રમાણીત કરવામાં આવેલ છે જે નિશાની ૩/૭(૬) થી રજુ છે. આ કામના પ્રતિવાદી નં.(૧) ના પિતાશ્રીનું તા.૨૩.૫.૧૯૮૩ ના રોજ અવસાન થયેલ છે.જયારે આ કામના અમો વાદીઓના પિતાશ્રીએ તેમની હયાતીમાં સદરહું ખેતીની જમીનમાં અમો વાદીઓના નામે ખેતીની જમીન કરી આપેલ છે. જે પૈકી વાદી નં.(૧)ને રાજગઢના રેવન્યુ સર્વે નં. ૩૪/૮ પૈકી ૨– પૈકી ૨ ની ખેતીની જમીન હે.આરે.ચો.મી.૧–૮૨–૪૩ ની તેમજ વાદી નં.(૨) ને રે.સ.નં.૩૪/૮ પૈકી ૨ પૈકી ૧ ની ખેતીની જમીન હે.આરે.ચો.મી.૧–૮૨–૧૧ ના માપ મુજબની આવેલી છે. જે અંગે નોંધ હકકપત્રક ગામ નમુના નં.૬ નોંધ નં.૧૨૨૮, તા.૧૫.૭.૦૮ થી પ્રમાણીત કરવામાં આવેલ છે જે નિશાની ૩/૭(૭) થી આ કામમાં રજુ રાખેલ છે.સદરહું કામના પ્રતિવાદી નં.(૩) દ્વારા નવી માપણી કરવામાં આવેલ જે વાદીઓની ગેરહાજરીમાં પ્રતિવાદી નં.(૧) અને પ્રતિવાદી નં.(૩) નાએ એકબીજાના મિલાપીપણામાં કરી વાદી નં.(૧) ની ખેતીની જમીનનો નવો સર્વે નં.૧૨૦ ખાતા નં.૪૮૦ મુજબ હે.આરે.ચો.મી.૧–૩૦–૭૫ થયેલ છે આમ વાદી નં.(૧) નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦–૫૧–૬૮ ઓછું દર્શાવેલ છે. તેજ રીતે વાદી નં.(૨) ની ખેતીની જમીનનો નવો સર્વે નં.૧૦૭ તથા ખાતા નં.૪૭૯ મુજબ હે.આરે.ચો.મી.૧–૪૧–૬૬ થયેલ છે. આમ વાદી નં.(૨) નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦–૪૦–૪૫ (આશરે ૧ એકર) ઓછું દર્શાવેલ છે. આ કામના પ્રતિવાદી નં.(૧) ની જમીનમાં તેઓની માલીકીની જમીન ન

હોવા છતાં પ્રતિવાદી નં.(૧) ના નામે પ્રતિવાદી નં.(૩) નાએ ચડાવી આપેલ છે. પ્રતિવાદી નં.(૩) દ્વારા નોંધ નં.૧૩૫(ડી)ની નોટીસ બજવવામાં આવેલ અને તે નોટીસના આધારે અમો વાદીઓએ તકરાર લેતા સદરહું તકરારી કેસ નં.૧૬/૨૦૧૮ કોટડા સાંગાણીના મામલતદાર સાહેબની કોર્ટમાં ચાલેલ અને તેનો નિર્ણય મામલતદાર સાહેબે અમો વાદીઓના પક્ષમાં તા.૧.૯.૨૦૧૮ ના રોજ કરેલ છે. જેથી હાલના અમો વાદીઓના ૭/૧૨ ના દાખલામાં અમો વાદી નં.(૧) ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૮૨–૪૩ દર્શાવવામાં આવેલ છે જયારે વાદી નં.(૨) નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૨–૦૬–૦૩ દર્શાવેલ છે.જે હુકમથી નારાજ થઈ આ કામના પ્રતિવાદી નં.(૧) દ્વારા આ કામના પ્રતિવાદી નં.(૨) દ્વારા જે નિર્ણય કરવામાં આવેલ હતો તેની સામે નાયબ કલેકટર સાહેબ સમક્ષ અપીલ નં.૪૨/૧૯ થી દાખલ કરવામાં આવેલ તેનો નિર્ણય વાદીઓની વિરૂધ્ધમાં તા.૭.૧૧.૨૦૧૯ ના રોજ હુકમ કરવામાં આવેલ અને આ કામના પ્રતિવાદી નં.(૩) ની નોંધ નં.૧૯૬૧,તા.૨૦.૩.૧૮ ની મંજુર કરવામાં આવેલ. ઉપરોકત હુકમથી નારાજ થઇ વાદીઓએ રાજકોટના મહે.કલેકટર સાહેબની કોર્ટમાં રીવીઝન અરજી દાખલ કરતા સદરહું હુકમી નોંધ ચેલેન્જ થઇ શકે નહી અને વાદગ્રસ્ત હુકમ સામે કોર્ટમાં અપીલ દાખલ કરી દાદ મેળવી શકો છો.આમ અમો વાદીઓની રીવીઝન અરજી અમો વાદીઓને પરત આપવામાં આવેલ છે અને ત્યારથી આ દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.પ્રતિવાદી નં.(૧) નાએ જે વાંધા

જવાબ આપેલ છે તે તદન ખોટો છે. તેમજ પ્રતિવાદી નં.(૨) અને (૩) નાએ વાદીના દાવાનો કોઈ જવાબ આપેલ નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી.વાદીઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો આ કામના પ્રતિવાદી નં.(૧) ના બીજા લીટીગેશનો ઉભા કરશે.ખુના–મરકી તેમજ મારા–મારી થઈ શકે તેવી દહેશત છે જેથી વાદીની આંક–૦પ ની મનાઈહુકમની અરજી મંજુર કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(૮) જયારે, આ કામના પ્રતિવાદી નં.(૧) તથા તેમના વિધ્વાન વકીલશ્રીનો અવાર નવાર પોકાર કરવા છતાં જાતે કે તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર નહી રહેતા તેમનો દલીલનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવ્યો.જયારે આ કામના પ્રતિવાદી નં.(૨) તથા (૩) તરફે વિધ્વાન એ.જી.પી.શ્રી જે.ડી.ચાવડાએ તેઓના આંક–૧૪ થી આપેલો દાવા જવાબ તથા હાલની અરજીનો જવાબ જે તેમની દલીલ છે તેમ જણાવી વિશેષમાં મૌખિક રજુઆત કરેલ છે કે,વાદીઓએ, પ્રતિવાદી નં.(૨) અને (૩) સામે કોઈ દાવો કરવાનું કારણ ઉભુ થયેલ ન હોવા છતાં ખોટી રીતે હાલનો દાવો દાખલ કરેલ છે તે અંગે હાલની આંક–૦પ ની અરજી કરેલ હોય જે આંક–૦પ ની અરજી રદ કરવાની રજુઆત કરેલ છે.

(૯) આમ,ઉપરોકત વાદીઓ તરફે રજુ થયેલ આંક–૦૩ નું દસ્તાવેજી લીસ્ટ ધ્યાને લેતા માર્ક ૩/૧ થી વાદીએ તા.૨૧.૧.૧૯પ૪

ના રોજનો રજીસ્ટર દસ્તાવેજ નં.૯ ની નકલ રજુ રાખેલ છે.જયારે માર્ક ૩/૨ થી તા.૭.૫.૧૯૭૯ ના રોજનો રજીસ્ટર દસ્તાવેજ નં.૨૭ ની નકલ રજુ રાખેલ છે.માર્ક ૩/૩ થી તા.૩૧.૫.૧૮ ના રોજની કે.જે.પી.દુરસ્તીની નોંધ નંબર ૧૯૬૧ ની નકલ તથા માર્ક ૩/૪ થી તા.૧.૯.૨૦૧૮ ના રોજના તકરારી કેસ નં.૧૬/૨૦૧૮ ના ઠરાવની નકલ.માર્ક ૩/૫ થી તા.૭.૧૧.૨૦૧૯ ના રોજના ડેપ્યુટી કલેકટરશ્રી ના કેસ નંબર ૪૨/૧૯ ના ઠરાવની નકલ.માર્ક ૩/૬ થી તા.૩૧.૭.૨૦૨૧ ના રોજના રાજકોટના મહે.કલેકટર સાહેબશ્રીના પત્રની નકલ.માર્ક ૩/૭ થી તા.૧૭.૮.૨૦૨૧ ની વાદી નં.(૧) ના નવા ૭/૧૨ ના દાખલાની ખરીનકલ તથા માર્ક ૩/૮ થી તા.૧૭.૮.૨૦૨૧ ની વાદી નં.(૨) ના નવા ૭/૧૨ ના દાખલાની ખરીનકલ રજુ રાખેલ છે.આમ ઉપરોકત વાદીઓ તરફે રજુ થયેલ આંક–૦૩ નું દસ્તાવેજી લીસ્ટ ઘ્યાને લેતા તેમજ તે સંદર્ભે વાદીઓ તરફેની દલીલો તથા પ્રતિવાદી પક્ષની દલીલો અને તે અન્વયે વાદીઓની હાલની દાવા અરજી તથા તે સાથે રજુ કરેલ હાલની આંક–૦૫ ની મનાઇ હુકમની અરજીની હકીકત ઘ્યાને લેવામાં આવે તો વાદીઓ તરફે જ આંક–૦૩ ના દસ્તાવેજી લીસ્ટથી માર્ક ૩/૪ થી માર્ક ૩/૬ ના દસ્તાવેજી આધારો જોવામાં આવે તો વાદીઓએ જ રજુ કરેલ સદરહું દસ્તાવેજી આધારો જોતા વાદીઓ તથા પ્રતિવાદીઓ વચ્ચે તારીખ ૧.૯.૨૦૧૮ થી સદરહું દાવાવાળી મિલકત બાબતે તકરારો ચાલે છે જે

સંબંધે રેવન્યુ રાહે કાર્યવાહી કરેલ છે જે સંબંધે હુકમો પણ થયેલ છે અને ત્યારબાદ વાદીઓએ જ દાવા અરજીમાં જણાવેલ દાવો દાખલ કરવાનું કારણ જોતા પણ હાલની દાવા અરજી પરત્વેનું કારણ કલેકટરશ્રી સાહેશ્રીએ સક્ષમ કોર્ટમાં અપીલ દાખલ કરવાનું જણાવેલ છે. એટલા કારણે દાવાવાળી તકરારી મિલકત સંબંધે દાવો કર્યો તે પહેલાથી જ તકરારો ચાલુ છે જે હકીકતો બન્ને પક્ષે સારી રીતે જાણે છે. તેમજ આ કામે હાલના તબકકે વચગાળાના મનાઇ હુકમ સંબંધેના જ દસ્તાવેજી આધારો તથા બન્ને પક્ષની રજુઆત ધ્યાને લેવાની હોય છે. જે જોતા વાદીઓ પોતાના પક્ષે પોતાના જ દસ્તાવેજી આધારોથી પણ વચગાળાના મનાઇ હુકમની અરજી મંજુર કરવાના ત્રણ તત્વો પૈકી કોઇ તત્વ વાદી પક્ષ પુરવાર કરી શકતા નથી અને જો હાલની વચગાળાની મનાઇ હુકમની અરજી મંજુર કરવામાં ન આવે તો હાલના તબકકે તેઓને કોઇ અગવડતા પડે તેમ નથી જે આ કામનું રેકર્ડ જોતા સ્પષ્ટપણે જણાંઇ આવે છે. એટલે કે, વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ પણ હાલના તબકકે જણાંઇ આવતો નથી.તેમજ વાદીઓએ જાતે જ તેમના અને પ્રતિવાદી નંબર(૧) વચ્ચે દાવાવાળી તકરારી મિલકત સંબંધે તેમની માપણી અન્વયેની તકરારો ચાલતી હોવાની સ્પષ્ટતા કરેલ છે જે પુરાવો લીધા બાદ નકકી થાય એટલે, હાલના તબકકે વાદીઓ પોતાની તરફે નાંણામાં ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન થાય તેમ હોવાની કોઇ હકીકત

પુરવાર કરી શકેલ નથી.તેમજ સગવડતા અગવડતાનું સમતુલાનું પલ્લું પણ વાદી પોતાની તરફે હોવાનું પુરવાર કરી શકેલ નથી.

(૧૦) આમ, રેકર્ડ પરની રજુ હકીકતો જોતાં સદરહું વાદી કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલા હોવાનું જણાતું નથી.તેમજ વચગાળાના મનાઈ હુકમ મેળવવા માટે ખરી હકીકત એ જ કોઈપણ મનાઈ હુકમ મેળવવા માટેનો સિધ્ધાંત છે. જયારે આ કામે વાદીએ હકીકતો છુપાવેલ છે. તેમજ નામદાર ઉચ્ચ તથા સર્વોચ્ચ અદાલતે તેમના ઘણા જજમેન્ટોમાં પ્રસ્થાપિત કરેલ છે કે,'' કોઈપણ વ્યકિત કે સંસ્થાને ન્યાય મળે તે જેટલુ અગત્યનું છે તેટલું અગત્યનું એ પણ છે કે,તેવા હુકમ ને કારણે કોઈને ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે સંતાપ ઉત્પન્ન ન થાય. કાયદેસરના હકકોનું રક્ષણ અન્યને ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે પીડા આપનારૂ બની રહે તેવું અદાલત કોઈ સંજોગોમાં વિચારી શકે નહીં અને તેથી જ સ્ટ્રોંગ પ્રાઈમાફેસી કેસ નો મુદ્દો મહત્વનો બની રહે છે .'' જયારે આ કામે તો વાદી પ્રથમ દર્શનિય રીતે જ કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલ નથી. તેમજ પોતાની સત્ય હકીકતો પોતાની જ રજુઆતથી હાલના તબકકે પુરાવાર કરી શકેલ નથી. જેથી ઉપરોકત સંજોગો જોતાં મુદ્દા નં.(૧) અરજદાર તેમના તરફે પુરવાર કરી શકેલ નથી.જેથી તેનો જવાબ નકારમાં આપવો ન્યાયોચીત માનું છું.

**(૧૧)** આમ, ઉપરોકત સમગ્ર હકીકત, રજુ થયેલ દસ્તાવેજી આઘાર તથા આ કામનો સમગ્ર રેકર્ડ જોતા જયારે પ્રથમ દર્શનીય રીતે વાદી તેમના તરફે કેસ પુરવાર કરી શકેલ ન હોઈ સ્વભાવીક છે કે બેલેન્સ ઓફ કન્વીનિયન્સ તેમજ ઈરીપેરેબલ લોસ પણ તેમના તરફે પુરવાર કરી શકેલ નથી. તેમજ કાયદાનો મુળભુત સિઘ્ધાંત જોતા તેમજ નામદાર ઉચ્ચ અદાલતે તેના અમેરીકન સાઈનેમાઈડ કું. વિ. એથીકોન લિ., એ.આઈ.આર. ૧૯૮૯ અલ્હાબાદ,૧૨૫ માં પ્રસ્થાપિત કરેલા સિઘ્ધાંત જોતાં,'' અદાલત ઘ્વારા પણ એવુ કોઈ કાર્ય ન થવુ જોઈએ કે,જેથી સરખામણીની દ્રષ્ટિ તથા પરસ્પર હાનીની દ્રષ્ટિએ એક વ્યકિત કે સંસ્થાને તેના હુકમથી તેના હકક ઉપર તરાપ પડે, તેને બિન જરૂરી નુકશાન થાય અને વાદીને પ્રતિ વાદી વિરૂઘ્ધ ખોટી રીતે લાભ મળી જાય''. અને આમ, સદરહું '' ડોકટ્રીન ઓફ રીલેટીવ ઓર કમ્પેરેટીવ ઈન્જરી '' ના સિઘ્ધાંત પ્રમાણે પોતાના હુકમથી અન્યને સહેજપણ અન્યાય ન થાય તે જોવાની અદાલતની ફરજ બની રહે છે. ''

**(૧૨)** વિશેષમાં આ કામે ઉપરોકત સમગ્ર હકીકતે તથા વાદી પક્ષે રજુ થયેલ દસ્તાવેજી આઘાર જોવામાં આવે તો વાદી તેમના પક્ષે મનાઈ હુકમ મેળવવા ત્રણેય તત્વો પુરવાર કરી શકેલ નથી. હાલના તબકકે માત્ર વચગાળાની અરજી લગત નિર્ણય કરવાનો હોય અને વઘુમાં આ કામે વાદીની દાવા અરજી તથા આંક–૫ ની અરજી જોવામાં આવે તે બંનેની દાદો એક સરખી જેવી જ છે. જેથી જો આંક–૫ ની મનાઈ

અરજીની દાદ મંજુર કરવામાં આવે તો તેની સાથે દાવાની આખરી દાદ પણ મંજુર થઈ જાય તેમ છે. તે સંદર્ભે **નામ.ઉચ્ચ અદાલતે તેમના <u>રસીદાબીબી કેસરભાઈ પરમાર વિ. ઈન્દુબેન હેજાભાઈ સોલંકી અને બીજાઓ, ૧૯૯૯(૨),જી.સી.ડી., પાના નં.૧૨૧૬</u> (ગુજરાત)** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત જોવામાં આવે તો તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે, વચગાળાના તબકકે આખરી દાદ આપી હોવાનું ગણાય ત્યારે વચગાળાની દાદ આપવી જોઈએ નહી. આ સંદર્ભે હાલના આ કામે પણ વાદીની આંક–૫ ની અરજીમાં માંગેલી દાદ જોઈએ તો દાવાની દાદ એક જ સરખી હોય ઉપરોકત નામ.ઉચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે વાદીની હાલની આંક–૫ ની અરજી મંજુર થઈ શકે તેમ નથી.

**(૧૩)** આમ,ઉપરોકત સમગ્ર હકીકતે તથા આ કામનું રેર્ડ જોતાં જયારે હાલની અરજી લગત વાદીઓ તેમના પક્ષે રજુ કરેલા પુરાવાઓથી મનાઈ હુકમના ત્રણેય તત્વો સાબીત કરવામાં સફળ થયેલા ન હોઈ, જેથી વાદી મુદ્દા નં.(૧) થી (૩) ની હકીકતો તેમના તરફેની તેમની રજુઆત તથા દસ્તાવેજી આધાર ધ્વારા સાબીત કરવામાં સફળ થયેલ ન હોઈ,ઉપરોકત સમગ્ર ચર્ચાએ, હકીકતે અને કારણસર મુદ્દા નં.(૧) થી (૩) નો જવાબ નકારમાં આપવો ન્યાયોચિત માનું છું અને મુદ્દા નં.(૪) અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચિત માનું છું.

## –: <u>આખરી હુકમ</u> :–

(૧) વાદી ઓ ની હાલની આંક–૫ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) સદરહુ અરજીનો ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.**૦૭મી**,માહે**,ઓગષ્ટ,સને–૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૭ / ૦૮ / ૨૦૨૩
સ્થળ : ગોંડલ.

**( મુકેશકુમાર જયંતીલાલ બ્રહમભટ્ટ )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
ગોંડલ.
**UIC CODE 00754**